### કોરોનાની મહામારીને લઈને રક્ષાબંધનની ફિક્કી ઉજવણીના સંકેત જણાયા : શ્રાવણ નિષ્ફળ જતાં આસોની આશા પણ ઠગારી નિવડવાની આશંકા

# કોરોનાના ઓળા વચ્ચે રક્ષાબંધનની સંયમિત ઉજવણીનો માહોલ

### વરસાદ ન હોવા છતાં ઘરાકી ન નીકળતા બજારમાં ચિંતા જોવા મળી : શ્રાવણી સેલનું પણ સારું એવું ધોવાણ થતા વેપારીઓની આર્થિક તરલતા અધ્ધરતાલ








વડોદરા,તા.૨

વડોદરા શહેરમાં સોમવાર ત્રીજી ઓગસ્ટના રોજ રક્ષાબંધનની ઉજવણી ફિક્કી રહેવાના સંકેતો બજારમાંથી મળી રહયા છે.પ્રતિ વર્ષની માફક આ વર્ષે શ્રાવણી સેલનું પણ સારું એવું ધોવાણ થતા વેપારીઓની આર્થિક તરલતા આવવાની એકમાત્ર આશા પર પાણી ફરી વળ્યું છે.તેમજ આર્થિક તરલતા અધ્ધરતાલ રહેતા નિરસ ઘરાકીને લઈને વેપારીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે.જો કે આ વર્ષે મોટાભાગના ભાઈ બહેનો વચ્ચે સોશ્યલ મીડિયાના વોટ્સએપ વિડિઓ કોલિંગના માધ્યમથી રક્ષાબંધનની ઉજવણી થશે એમ મનાઈ રહ્યું છે.હાલમાં બજારમાં દ્રાયફ્રૂટ,મીઠાઈ ,ફરસાણ,સોના ચાંદીના વેપારીઓ,જ્વેલર્સને ત્યાં રક્ષાબંધનની ખરીદીને માટે છેલ્લી ઘડી સુધી કોઈપણ પ્રકારની ઘરાકી જોવા મળી નથી.જેને લઈને છેલ્લી ઘડીએ ઘરાકી નીકળશે એવી વેપારીઓની આશા પાર પાણી ફરી વળ્યું છે.કોરોનાની મહામારીને લઈને ચાલેલા મંદીના વિષચક્રની અસર હવે તહેવારો ટાણે પણ જોવા મળી રહી છે. શ્રાવણની અપેક્ષિત ઘરાકી ન નીકળતા દિવાળીના વેપારમાં પણ મંદીનું મોજું ફરી વળશે.એવા વિચાર માત્રથી વેપારીઓમાં ફફડાટની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ બજારોમાં જોઈએ એવી ભીડ જોવા ન મળતા સવારથી જ વેપારીઓ માથે હાથ દઈને બેઠેલા જોવા મળ્યા હતા.આજે વરસાદ ન હોવા છતાં ઘરાકી ન નીકળતા બજારમાં ચિંતા જોવા મળી રહી છે.જો કે તેમ છતાં કેટલાક વેપારીઓ રાત સુધીમાં કે સવારે ઘરાકી નીકળવાની આશા રાખી રહયા છે.પરંતુ તેમ છતાં એકંદરે બજારમાં સુસ્ત વાતાવરણ જોવા મળી રહ્યું છે.

## કોરોના વોરિયર્સના સન્માન સાથે રક્ષાબંધનની ઉજવણી

વડોદરા આરએસપી દ્વારા પ્રદેશ અધ્યક્ષ અને કાઉન્સિલર રાજેશ આયરે,કાઉન્સિલર પૂર્ણિમા આયરે અને હેમલત્તા ગોર સહિતના કાર્યકર્તાઓએ ગોત્રી અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ એવા ડોક્ટર,નર્સ,હેલ્થ વર્કરો સાથે રક્ષાબંધનની ઉજાવની કરી હતી.





### વધુ નવા ૯૧ દર્દીઓ સાથે કુલ સંખ્યા ૪૮૫૨

# નિવૃત્ત કોર્ટ કર્મચારી, શિક્ષક અને એડવોકેટ સહિત ૧૮ના મોત

### ડેથ ઓડિટ કમિટીએ વધુ એક દર્દીનું કોરોનામાં મોત ડિકર્લર કરતાં આંક ૯૨ થયો

વડોદરા, તા.૨

શહેર જિલ્લામાં નિરંકુશ બનેલા જીવલેણ કોરોનામાં આજે કોર્ટ નિવૃત્ત બેલીફ કર્મચારી તથા વેપારી તેમજ એડવોકેટ સહિત ૧૭ દર્દીઓના કોરોનાની સારવાર દરમિયાન મોતના ખપારમાં હોમાયા હતાં. આ સાથે આજે વધુ ૯૧ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા હતાં. જેથી કોરોના પોઝિટિવ દર્દીઓની કુલ સંખ્યા ૪૮૫૨ થઇ હતી. આજે વધુ એક ડેથ ઓડિટ કમિટીએ કોરોનામાં મૃત્યું થયાનું જાહેર કરતાં કોરોનામાં દર્દીઓનો કુલ મૃત્યુ આંક ૯૨ ઉપર પહોંચ્યો હતો. સારવાર લઇ રહેલા ૫૪ દર્દીઓને રજા આપવામાં આવી હતી. ૮૨૩ દર્દીઓ સ્ટેબલ, ૧૫૨ ઓક્સીજન તથા ૩૫ દર્દીઓ વેન્ટીલેટર પર હોવાનું તબિબ સુત્રોએ જણાવ્યું હતું. સાંજ સુધીમાં ૮૪૯ સેમ્પલો લેવામાં આવ્યા હતાં. જેમાં ૯૧ પોઝિટિવ તેમ ૭૫૮ નેગેટીવ રીપોર્ટ આવ્યા હતાં.

શહેરના આજવા રોજ પર આવેલ વલ્લભ ટાઉનશીપમાં રહેતાં બે વર્ષ અગાઉ જ કોર્ટમાં નિવૃત્ત થયેલા ૬૦ વર્ષિય વૃદ્ધને શ્વાસ તેમજ ઓક્સીજન ઓછો થવાની તકલીફ સાથે ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં તેમનો કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો. જોકે તેમને ઓક્સીજન માટે વેન્ટીલેટર પર રાખવામાં આવ્યા હતાં. તેમનું અવસાન થયું હતું. તેમની અંતિમવિધિ કોરોનાના પ્રોટોકોલ મુજબ કરવામાં આવી હતી. ગોરવા પંચવટી ઉદય પાર્કમાં રહેતા ૭૫ વર્ષિય વૃદ્ધ રાજસ્થાનમાં શિક્ષક તરીકે ફરજ બજાવી સેવા નિવૃત્ત થયા હતાં. તેઓને એકા એક શ્વાસ લેવાની તકલીફ ઉભી થતાં સારવાર માટે ગઈકાલે બપોરના ગોત્રી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં તેમનો સ્વેબ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. જ્યાં તેમનું રીપોર્ટ પૂર્વે જ મોત થયું હતું.

ગોત્રી ગામની કડવા શેરીમાં રહેતા ૬૪ વર્ષના ઓટોરીક્ષા ચાલક કોરોના સંક્રમિત બન્યા હતાં. તેમને ગોત્રી હોસ્પિટલમાં દાખલ કર્યો હતાં. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. નડિયાદના ગલોશ પોળમાં રહેતા ૮૦ વર્ષના વેપારી કોરોનાની અસર હેઠળ આવતાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જ્યાં તેમનું આજે સવારે મોત થયું હતું. ભરૂચના પાંચ બત્તી પાસે રહેતા ૭૬ વર્ષના વેપારી કોરોના સંક્રમિત બન્યા હતાં. ગોત્રી હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં જ્યાં તેમનું મોત થયું હતું. કરજણના કંડારી ગામમાં રહેતાં ૭૨ વર્ષિય વૃદ્ધા કોરોનાના શંકાસ્પદ લક્ષણો હેઠળ આવ્યા હતાં. જેથી સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. ચોખંડીમાં રહેતા ૬૪ વર્ષિય એડવોકેટ કોરોના સંક્રમિત બન્યા હતાં. તેઓને શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતાં જ્યાં આજે સવારે સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેઓ સામાન્ય તાવ આવતો હોવાથી ચેકઅપ કરવા માટે ગયા હતાં. જ્યાં તેમનો ટેસ્ટ રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે દાહોદના વલ્લભચોક સોની ફળિયામાં રહેતાં ૬૮ વર્ષના વૃદ્ધ, અંકલેશ્વર ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા ૫૭ વર્ષિય મહિલા, ભરૂચ બસ સ્ટેન્ડ પાસે રહેતા ૭૫ વર્ષના વૃદ્ધ વગેરેનાઓ કોરોના સંક્રમિત બન્યા હતાં. તેઓને કોવિડની સારવાર આપતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

### ગણદેવીકર જ્વેલર્સ શો-રૂમના વડીલ બંધુનું કોરોનાથી મોત

વડોદરા શહેરના નામાંકિત જ્વેલર્સ શો-રૂમના વડીલબંધુ પરસોતમદાસ ગણદેવીકર કોરોના સંક્રમિત બન્યા હતાં. તેમને સારવાર માટે શહેરની ગોરવા રોડ પર આવેલ ભાઈલાલ અમીન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેઅને અંતિમ શ્વાસ લીધો હતો.

### રીપોર્ટ નેગેટીવ હોવા છતાં મૃતકોની પ્રોટોકોલ મુજબ અંતિમ વિધિથી રોષ

શંકાસ્પદ કોરોના લક્ષણો સાથે સારવાર માટે દાખલ થતાં દર્દીઓ કેટલાક કિસ્સાઓમાં દર્દીના રીપોર્ટ નેગેટીવ હોવા છતાં મૃત પામેલ દર્દીઓની અંતિમ વિધિ કોરોના પ્રોટોકોલ મુજબ કરવામાં આવતાં મૃતકના સગાઓમાં રોષની લાગણી જોવા મળી હતી. કરજણ તાલુકાના કંડારી ગામે રહેતી ૭૨ વર્ષ વૃદ્ધનો શંકાસ્પદ કોરોનાનો રીપોર્ટ પેન્ડીંગ તથા ભરૂચ આમોદ ૭૫ વર્ષિય દર્દીનો રીપોર્ટ નેગેટીવ આવ્યો હોવા છતાં મૃતકની અંતિમ વિધિ કોરોના પ્રોટોકોલ મુજબ કરી મૃતકના સગાઓને મૃતદેહ નહીં આપતાં સગાઓમાં રોષની લાગણી જોવા મળી હતી.

### કપુરાઈ બ્રિજ નજીક વિચિત્ર અકસ્માત સર્જાતા નિર્દોષોનો ભોગ લેવાયો

# કાર અને બાઈક વચ્ચે જીવલેણ અકસ્માત બે યુવાનોનાં ઘટના સ્થળે કરુણ મોત






વડોદરા, તા.૨

વડદલા ગામે બોરીંગ કામની મજૂરી કામે બાઈક ઉપર જઈ રહેલાં સોમા તળાવ ધાધરેટીયા ખાતે રહેતાં બે બહેનો વચ્ચે એકના એક ભાઈને રક્ષાબંધનના તહેવારની પૂર્વ સંધ્યાએ જ કાર સાથે અકસ્માતમાં તેના મિત્ર સાથે મોત નિપજયું હતું. અકસ્માત મોતના બનાવની જાણ મકરપુરા પોલીસને કરવામાં આવતાં પોલીસ બનાવ સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી સાથે બંને મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા.

સોમા તળાવ બ્રિજ ધાધરેટીયા વિસ્તારના દુર્ગા વસાહતમાં વિધવા અંબાબેન ચતુરભાઈ તડવી ઉ.વ.૫૫ તેમના મોટા દિકરા ચંદ્રકાન્ત તથા બે દિકરીઓ સાથે રહે છે. તેમનો પુત્ર ચંદ્રકાંન્ત પિવારનો આર્થિક આધાર સ્તભં હતો. તે છૂટક મજૂરી કરી આર્થિક મદદરુપ થતો હતો. જો કે અંબાબેન તથા બે પુત્રીઓ છુટક કામ કાજ કરતી હતી. આજે સવારે નવ વાગ્યાની આસપાસ વડદલા રોડ હરિનગરમાં રહેતો મહેશ મજુરભાઈ પરમાર મિત્ર ચંન્દ્રકાંન્તને ઘરે આવ્યો હતો અને જણાવ્યું હતું કે વડદલા ગામે બોરીંગના કામ માટે જવાનું છે. જેથી ચંન્દ્રકાંત તડવી તથા મહેશ પરમાર બંને મિત્રો બાઈક ઉપર ડબલ સવારી વડદલા જવા માટે ઘરેથી નિકળ્યા હતા બંને મિત્રો કપુરાઈ બ્રિજથી સુરત તરફના હાઈવે પર જતાં હતા એ વખતે આ રોડ પરના પૂરઝડપે દોડતી કારના ચાલકે બંને મિત્રોની બાઈકને કપુરાઈ બ્રિજની આગળ અડફેટે લીધા હતા. આ અકસ્માત ઘટનામાં બંને મિત્રો ચંન્દ્રકાંન્ત તડવી તથા મહેશ પણ ઘટના સ્થળે મોત નિપજયા હતા અને હાઈવે પર લોહી પાણીના રેલની જેમ વહી રહ્યું હતું. અકસ્માત મોતનાં ઘટનાની જાણ મકરપુરા પોલીસને કરવામાં આવી હતી. સાથે ચંદ્રકાંન્ત તથા મહેશ પરમારના પરિવારજનોને થતાં તેઓ પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા.

### રક્ષાબંધન પર્વની પૂર્વ સંધ્યાએ

## બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવતાં ભારે આક્રંદ કરી મુકયું

વડોદરા, તા.૨

આજે સવારે કપુરાઈ બ્રિજ પાસે થયેલા જીવલેણ અકસ્માતમાં વિધવા માતાએ આર્થિક આધાર સ્થંભ એવા દીકરો ચંન્દ્રકાંન્ત તથા બંને બહેનોનો એકનો એક ભાઈ રક્ષાબંધનમાં પૂર્વની પૂર્વ સંધ્યાએ જ બહેનોએ ભાઈનું છત્ર ગુમાવતાં ભારે આક્રંદ કરી મુકયું જેથી હ્રદય દ્રાવક દ્રશ્યો સર્જાયા હતા બહેનોએ અતિ ઉત્સાહ પૂર્વે ભાઈને ગમે તેવી રાખડીઓ ખરીદીને લાવીને મુકી હતી. પરંતુ કુદરત કંઈક અલગજ મંજૂર હતુ જેથી બહેનોની રાખડી રંગ ફીકકો પડી ગયો હતો.

**PUBLIC NOTICE**

I MR. SURESH DAYALJIDAS PATEL, aged about 59 years, residing at G-227, Raj Arcade, Mahavir Nagar, Opp. D Mart Mall, Kandivali (West), Mumbai – 4000 67 caused this notice to the General Public at large that I debarred and disowned my Son namely MR. PRANAY SURESH PATEL, residing at C/401 Dwarkesh Green, Near Anand Niketan School, Shelaj, Ahmadabad from all my movable and immovable properties in India. Now I would have no concern with my son MR. PRANAY SURESH PATEL in any manner.

If any person/s deals with my son MR. PRANAY SURESH PATEL and/or transacting any business with him in any way, in that case, he/she/they would doing so at their own risk cost and consequences, I am not responsible, liable and/or concern for any of his Acts.

Dated this 03rd day of August,2020

Sd/-
Mr. Suresh Dayaljidas Patel
G-227, Raj Arcade, Mahavir Nagar,
Opp. D Mart Mall,
Kandivali (West), Mumbai–400067

### ગાયકવાડી શાસનના પ્રદેશ વિસ્તારમાં ક્રિકેટના ઉત્થાન માટેની ક્રિકેટ માટેની ચેરીટી સંસ્થા બરોડા ક્રિકેટ એસોસીએશનના સત્તાધીશોનો ખાનગી પેઢી જેવો વહીવટ

# બીસીએ સત્તાધીશોએ ખાનગી કોન્ટ્રાકટરને રૂપિયા ૩૫ કરોડ પધરાવી દીધા!

### એપેક્ષ કાઉન્સિલની પરવાનગી વગર નાણાં ચુકવાયા : સ્ટેડીયમની કામગીરી માટે ચુકવાયા હોવાની વિગત : ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ નાણાં ચુકવાયા હતા

લોકસત્તા વિશેષ તા. ૨

ગુજરાતના એક મોટા હિસ્સામાં એટલે કે ગાયકવાડી શાસનના પ્રદેશ વિસ્તારમાં ક્રિકેટના ઉત્થાન માટેની ચેરીટી સંસ્થા બરોડા ક્રિકેટ એસોસીએશનના સત્તાધીશો દ્વારા ખાનગી પેઢી જેવો વહીવટ કરવામાં આવતો હોવાની વધુ એક હકીકત પ્રકાશમાં આવી છે. જેમાં બીસીએ સત્તાધીશો દ્વારા સ્ટેડીયમની કામગીરી માટે એક ખાનગી કોન્ટ્રાકટરને રૂપિયા ૩૫ કરોડ જેવી મોટી રકમ બારોબાર પધરાવી દીધી હોવાની હકીકત સામે આવી છે. એપેક્ષ કાઉન્સિલની પરવાનગી વગર ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ બારોબાર ચુકવવામાં આવેલી આ રકમને લઈ બીસીએમાં વિવાદનો નવો મધપૂડો છંછેડાયો છે.

આ અંગે પ્રાપ્ત જાણકારી અનુસાર બીસીએ દ્વારા હાલ કોટંબી ખાતે સ્ટેડીયમ બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ કામગીરી માટે નક્કી થયા મુજબ નાણાંની ચુકવણી કરવામાં આવતી હોય છે. પરંતુ સ્ટેડીયમની કામગીરી માટે અચાનક જ ૩૧ માર્ચ ૨૦૨૦ના રોજ બીસીએ દ્વારા એક ખાનગી કોન્ટ્રાકટરને રૂપિયા ૩૫ કરોડ ચુકવી દેવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સપાટી પર આવી છે. જેમાં બીસીએના વહીવટમાં ટોચની ગણાતી એપેક્ષ કાઉન્સિલને પણ અંધારામાં રાખી આખો ખેલ પાડવામાં આવ્યો હોવાનું કહેવાય છે.બીસીએના સુત્રોના જણાવ્યા અનુસાર ક્રિકેટના સુધારણા માટેના કોઈ પણ નિર્ણય કરવા ઉપરાંત બીસીએની તમામ આર્થિક બાબતો માટે એપેક્ષ કાઉન્સિલની પૂર્વ મંજુરી જરૂરી હોય છે. ત્યારે રૂપિયા ૩૫ કરોડ જેટલી માતબાર રકમની ચુકવણીમાં એપેક્ષ કાઉન્સિલને વિશ્વાસમાં નહીં લેવાના સત્તાધીશોના નિર્ણયે કાંઈક ખોટું રંધાયાની વાતો ઉભી કરી છે. જોકે ક્રિકેટની આડમાં ચાલતા કરોડોના વેપલામાં આ એક નવો ખેલ હોવાનું પણ જાણકારોનું માનવું છે.

### તો સ્ટેડીયમનો રૂપિયા ૨૦૦ કરોડનો વહીવટ પણ આમ જ ચાલશે?

બીસીએની છેલ્લા પાંચ વર્ષથી બાકી રહેલી વાર્ષિક સાધારણ સભા યેનકેન પ્રકારે પાર પાડનાર બીસીએના વર્તમાન સત્તાધીશો હાલ ગેલમાં છે. જુના હિસાબો મંજુર થવાથી બીસીએના બીસીસીઆઈમાં ફસાયેલા આશરે ૧૧૦ કરોડ રૂપિયા છૂટા થશે. આ નવા નાણાં ઉપરાંત બીસીએની તિજોરમાં પડેલા કરોડો રૂપિયામાંથી આગામી દિવસોમાં વડોદરાને રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે નવું સ્ટેડીયમ આપવા માટેની કાર્યવાહી શરૂ થઈ ચુકી છે. પરંતું આ રૂપિયા ૨૦૦ કરોડના નવા સ્ટેડીયમ માટેનો વહીવટ પણ શું આમ જ ચાલશે કે પછી એપેક્ષ કાઉન્સિલને વિશ્વાસમાં લઈ ટેન્ડર પ્રક્રિયા કરી કામગીરી સુપ્રત કરાશે તેવા સવાલ ઉઠવાનું શરૂ થઈ ગયું છે.

### સંજય પટેલને હાંકી કઢાયા હતા તો હાલના સત્તાધીશોને કેમ નહીં?

બીસીએમાં વર્ચસ્વની લડાઈના મુખ્ય મોહરાઓ પૈકી રોયલ જુથના અગ્રણી સંજય પટેલ સામે મોતીબાગ મેદાનના ડ્રેસિંગ રૂમમાં એપેક્ષ કાઉન્સિલની પરવાનગી વગર કરવામાં આવેલા ખર્ચને મુદ્દો બનાવવામાં આવ્યો હતો. આ મામલે રિવાઈવલ જુથના બહુમતી સભ્યોએ ભેગા મળી વિરોધીને પાડી દેવાની વેતરણમાં સંજય પટેલને ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવી સંતોષ નહતો માન્યો પરંતુ તેઓને બીસીએના પ્રાથમિક સભ્ય પદેથી પણ ઘરે બેસાડી દીધા હતા. હાલના સત્તાધીશોએ પણ આવી જ રીતે એપેક્ષ કાઉન્સિલની પરવાનગી વગર બારોબાર રૂપિયા ૩૫ કરોડ જેવી માતબાર રકમ ચુકવી દીધી છે. ત્યારે હાલના સત્તાધીશોએ સામે આવી કાર્યવાહી થશે કે નહીં તેને લઈને પણ અનેક સવાલ ઉભા થયા છે.

**SAMBHAAV MEDIA LIMITED**
SAMBHAAV GROUP
(CIN: L67120GJ1990PLC014094)
Registered Office: "Sambhaav House", Opp. Judges' Bungalows, Premchandnagar Road, Satellite, Ahmedabad - 380 015
Phone: +91 79 2687 3914/15/16/17 Fax: +91 79 2687 3922
Email: secretarial@sambhaav.com Website: www.sambhaav.com

**નોટિસ**

આથી નોટિસ જાહેર કરવામાં આવે છે કે રેગ્યુલેશન ૨૯ અને ૪૭, સેબી (લિસ્ટિંગ ઑબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ કંપનીના જૂન ૩૦, ૨૦૨૦ના રોજ પુરા થતા પ્રથમ ત્રિમાસીક અનઓડીટેડ નાંણાકીય પરિણામો મંજૂર કરવા કંપનીના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સની મિટિંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે શનિવાર, ઑગસ્ટ ૦૮, ૨૦૨૦ના રોજ મળી રહી છે.

તમે કંપનીની વેબસાઈટ www.sambhaav.com પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટો www.bseindia.com અને www.nseindia.com પર પણ વધારાની વિગતવાર માહિતી જોઈ શકશો.

તારીખ: ઑગસ્ટ ૦૧, ૨૦૨૦
સ્થળ: અમદાવાદ

સમભાવ મીડિયા લિ. વતી
કંપની સેક્રેટરી